॥ ॐ શ્રી લક્ષ્મીનારાયણભ્યામ નમઃ ॥ ॥ સનાતન પરમો ધર્મ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

LAXMINARAYAN SANDESH

Regd. No. E31822 (Mumbai)

# લક્ષ્મીનારાયણ સંદેશ

મુખપત્ર : શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ

E 05 | ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ * સ્થાપના : ૦૫ / ૦૯ / ૨૦૧૫ (જન્માષ્ટમી) * સંચાલન : મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી ચંદુલાલ બી. નાકરાણી

C/O. Gurukrupa Bldg., Ground Floor, Near Devidayal Garden, Mulund (W), Mumbai - 400 080. | Email.: laxminarayan.sandesh@gmail.com | Website : www.kkplaxminarayanmumbai.org

## તંત્રીશ્રી સ્થાનેથી

શ્રી ચંદુલાલ બી. નાકરાણી

### ‘જે થાય છે તે સારા માટે’

જીવનમાં કોઈ પણ બનાવ બને તો, ઘણા લોકોના ઉદ્‌ગાર નિકળતા હોયછે કે ‘જે થયુ તે સારા માટે’. એવા લોકોને ઈશ્વર પર અપાર શ્રધ્ધા હોય છે અને એમ માને છે કે બધા બનાવો ઈશ્વરની ઈચ્છાથી થતા હોય છે અને ઈશ્વર જે કંઈ કરે અથવા કરાવે તે સારા માટે જ હોય. આપણે તો માન્ય કરવાનું જ હોય, જે થાય છે તેના પર આપણો કંટ્રોલ પણ નથી. તેથી જ પણ જે થયું છે સારા માટે એમ કહેવું જ રહ્યું. ઘણી વખત બનતા બનાવો આપણને ન ગમતા હોય, પણ તેને શું કરી શકાય ?

આ સંદર્ભમાં એક જાણીતી વાર્તા છે, જે એક પાઠ્ય પુસ્તકમાં પણ આવી ગઈ છે. તેમાં એક રાજાના દરબારમાં એક છરી બનાવવાવાળો આવે છે અને રાજાને છરીઓ બતાવી રાજાને ભેટ આપે છે. રાજા છરીનું નિરીક્ષણ કરતાં તેના હાથમાંથી છરી સરી જાય છે અને તે ધારદાર છરી રાજાની આંગળી કાપતી જાય છે. આંગળીમાંથી લોહી પણ વહેવા લાગે છે અને પીડા પણ થતી હોય છે. રાજા પોતાના પ્રધાનને આંગળી બતાવે છે. પ્રધાન પ્રધાન હંમેશા મુજબ કહી દે છે કે ‘જે થાય તે સારા માટે’ રાજાના ગુસ્સાનો પાર રહેતો નથી. ‘શું સારું થયું ?’ આંગળીમાં ઘા લાગ્યો, લોહી વહેવા લાગે છે અને પીડા પણ થાય છે ત્યારે પ્રધાન કહે છે કે જે થયુ તે સારા માટે. રાજાએ પ્રધાનને જેલમાં ધકેલી દીધો.

થોડા દિવસ પછી રાજા શિકાર કરવા જંગલમાં જાય છે અને શિકારનો પીછો કરતા બીજા સૈનિકોથી આગળ નિકળી જાય છે. બપોરનો સમય હતો તેથી ઝાડના છાંયે બીસી જય છે અને જરા આડો પડતાં નિંદર આવી જાય છે. થોડી વારમાં ત્યાં એક સિંહ આવી ચડે છે અને રાજાને જોઈ સિંહ પાસે જઈ સુંઘે છે અને હાથમાં થયેલ ઘાને નિહાળે છે. હાથના ઘાને જોઈ સિંહ રાજાને માર્યા વગર ચાલ્યા જાય છે. રાજાએ આ બધું જોયું ત્યારે તેને સમજાયું કે હાથ પર પેલી છરીનો કાપો હતો તેથી સિંહે તેને નમાર્યો. એ કાપાને કારણે આજે રાજાનો જીવ બચી ગયો. અને તેને યાદ આવ્યું કે પ્રધાન કહેતા હતા તે વાત સાચી થઈ કે ‘જે થાય તે સારા માટે’.

રાજાએ દરબારમાં આવી પેલા પ્રધાનને જેલમાંથી મુક્ત કર્યા અને પૂછયું ‘‘મને છરીના ઘાએ બચાવ્યો એ મારા માટે સારું રહ્યું, પણ તારા માટે શું સારું રહ્યું ? કારણકે તને તો વગર વાંકે જેલમાં જવું પડયું’’ ત્યારે પ્રધાને જવાબ આપ્યો કે ‘‘રાજાજી જો હું જેલબહાર હોત તો તમારી સાથે શિકાર કરવા આવ્યો હોત અને તમને લાગેલા ઘા ને કારણે સિંહ તમને માર્યા ન હોત તો પણ મને જરૂર ખાઈ જાત, તેથી જેલની સજા થઈ એ મારા સારા માટેજ પૂરવાર થઈ’’.

આ દ્રષ્ટાંત પરથી સહજ સમજી શકાય કે જે થતું હોય તે સારા માટે જ થતું હોય છે, તકલીફ પડે ત્યારે દુઃખ જરૂર થાય પણ તે તકલીફો સારા માટે આવતી હોય છે, અંતે પરિણામો સારાં આવતા હોયછે, તેથી ચિંતા કરવી વ્યર્થ છે.

અસ્તુ.... આભાર

## શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ મુલુંડ દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ મુલુંડ દ્વારા ચૈત્ર માસ નિમિત્તે તા. ૨૮/૦૩/૨૦૨૬, શનિવારે કષ્ટભંજન હનુમાનજી મહારાજના સુંદરકાંડ પાઠનું આયોજન કરેલ.

તેમા વડીલ માતાઓ તેમજ બહેનોએ સંગીતના તાલે સુંદરકાંડ પાઠનો લાભ લઈ તાલથી તાલ મિલાવીને ખૂબજ આનંદ માણેલ હતો.

વડીલ માતાઓ તરફથી ઉનાળાની ગરમીમા શેરડીનો રસ પીવડાવીને સર્વેને ઠંડકની અનુભુતી કરાવેલ. ત્યાર બાદ સૌ ભાવિક ભક્તો પ્રસાદ લઈને કાર્યક્રમને પૂર્ણ કરેલ.

**પ્રમુખ : સુરભિબેન ચોપડા**

**મહામંત્રી : રમીલાબેન વેલાણી**



# દહીંસર બાળસંસ્કાર કેન્દ્રના બાળકો દ્વારા કરવામાં આવેલ સરાહનીય કાર્ય

બાળમાનસમાં સંસ્કારોનું સિંચન કરવા તેમજ ધાર્મિક પ્રવાહ વહેતો કરવાના આશયથી શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામના માર્ગદર્શન હેઠળ મુંબઈના પરાઓમાં બાળ સંસ્કાર કેન્દ્રો ચાલી રહ્યા છે. કેન્દ્રની સંચાલિકા બેહનોની







ભૂમિકા ખૂબજ મહત્વપૂર્ણ રહે છે. તેઓ ખૂબજ સહજ રીતે અને દ્રઢતાપૂર્વક પોતાના કાર્યો કરે છે. જે ખૂબ જ સરાહનીય છે. દહીસરમાં ચલતા બાળ સંસ્કાર કેન્દ્રોના સંચાલિકા બહેન પ્રભા સુરેશ ધોળુ તારીખ ૫/૦૪/૨૬ ના કેન્દ્રના બાળકો અને એમની મતાઓ સાથે એક અનાથ આશ્રમની મુલાકાતે ગયેલ. જેમાં અનાથ આશ્રમમાં દાન પેટે ૩૦ કિલો ચોખા નો કટ્ટો, ૧૦ કિલો દાળ અને પાંચ લિટર તેલનું દાન કરેલ. આ દાનની રકમ બાળસંસ્કાર કેન્દ્રના બાળકો દ્વારા દર શુક્રવારે અક્ષય પાત્રમાં જમા કરવામાં આવેલ. જેમા બાળકો પોતાની બચતમાંથી ૫/- રૂા. કે ૧૦/- રૂા. લઈ આવીને અક્ષય પાત્રમાં મૂકે છે. અને આ અક્ષયપાત્રની વર્ષ ભરની રકમ રૂા. ૫,૦૦૦/- જમા થઈ હતી એમાંથી તેમણે આ દાન કરેલ છે.

સંચાલિકા પ્રભાબહેન ધોળુ એ જણાવેલ કે બાળ સભામાં આ પ્રવૃત્તિ કરવાનો માત્ર અને માત્ર એજ હેતુ છે કે બાળકની અંદર અન્યની સેવા કરવાના સંસ્કારનું સિંચન થાય. તેમને દાનનો મહિમાં સમજાય. અનાથ આશ્રમની મુલાકાતથી બાળકોએ ઘણું બધું શીખ્યું છે. દિલથી ધન્યવાદ આપણી લક્ષ્મીનારાય સમાજની સંસ્કાર સમિતિનો જેમના પરિશ્રમથી અમારા જેવા બાળકોને સંસ્કાર આપવામાં નિમિત્તરૂપ બને છે તે બદલ દિલ થી ધન્યવાદ. આભાર... આભાર... આભાર...

**જય લક્ષ્મીનારાયણ**

## શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મુંબઈ નીચે મુજબ નવા પરિવારો સભ્ય તરીકે જોડાયા છે.

| Sr. No. | Family Id | Family Head Name | Mobile No | NATIVE | SUBURB |
|---|---|---|---|---|---|
| 1 | 2673 | HARILAL VISRAM PARASIYA | 8329633462 | BHERAIYA | VASAI |
| 2 | 2729 | NARENDRA DHANJI SENGHANI | 8779603989 | RAJPAR | THANE |
| 3 | 2738 | KESHAVJI DANA POKAR | 9930506036 | MANGVANA | MIRAROAD |
| 4 | 2800 | NILESH RAVJI RAMJIYANI | 9322481451 | RATNAPAR | DOMBIVLI |
| 5 | 2801 | DEEPAK NARAYAN DHOLU | 9987680188 | LUDVA | MIRAROAD |
| 6 | 2802 | HARESH PRAMJI SHIRVI | 9930497501 | MANGVANA | MIRAROAD |
| 7 | 2803 | NARSHIH JAYANTI PARASIYA | 9221828155 | LAXMIPAR (TARA) | MIRAROAD |
| 8 | 2804 | KALAYNJI RAVJI UKANI | 9920591908 | MAMAYMORA | MIRAROAD |
| 9 | 2805 | MAHESH RAVILAL PARASIYA | 9702317076 | MERAU | BADLAPUR |
| 10 | 2806 | RAMESH LALJI MAVANI | 9619016186 | GADULI | KALYAN |
| 11 | 2807 | DILLP RAVILAL PARASIYA | 9773686636 | MERAU | BADLAPUR |
| 12 | 2809 | ISWERLAL KANJI BHAGAT | 8591535356 | NAKHATRANA | DOMBIVLI |
| 13 | 2810 | RILESH KARSAN POKAR | 9821841277 | RAYAN MOTI | THANE |

# ગુરુપૂર્ણિમા મહોત્સવ



**શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ, થાણે ખાતે અષાઢી પૂનમ સત્સંગ તથા ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો**

થાણે, તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ (બુધવાર):

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા મા ઉમિયાના પાવન સાનિધ્યમાં શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ, થાણે ખાતે અષાઢી પૂનમ સત્સંગ અને ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભક્તિભાવ, શ્રદ્ધા અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૮:૦૦ વાગ્યે થયો હતો.

રાબેતા મુજબ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા મા ઉમિયાની મંગળ આરતી, માતાજીની સ્તુતિ, શ્રી હનુમાન ચાલીસા અને ગુરુપ્રદત્ત પ્રાતઃસ્મરણનું સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ગુરુ શ્રી લાલરામજી મહારાજ, ગુરુ શ્રી ઓધવરામજી મહારાજ તથા ગુરુ શ્રી વાલરામજી મહારાજના પ્રાર્થના સ્તુતિ ગાન ભાવભક્તિપૂર્વક કરવામાં આવ્યા હતા, ત્યારબાદ લક્ષ્મીનારાયણ થાળ, ભગવાનના દર્શન સાથે ધૂન, ભજન અને સંકીર્તનથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.


આ પવિત્ર સત્સંગ સભાના મુખ્ય યજમાન તરીકે શ્રી ઉમા સેવા સંઘ, ભિવંડીએ સેવા અર્પણ કરી હતી. ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે ભિવંડીથી પધારેલ બહેનોએ મધુર સ્વરે ભક્તિમય ભજનો અને સકીર્તનોની અદભુત રજૂઆત કરી હતી. તેમના ભાવસભર ભજનોથી સમગ્ર મંદિર ભક્તિરસમાં તરબોળ બની ઓધવરામ, વાલરામ અને લાલરામ મય થઈ ગયું હતું અને ઉપસ્થિત તમામ ભાવિકો ભાવવિભોર થઈ ગુરુભક્તિ અને હરિભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા.

આ પ્રસંગે આશરે ૩૦૦થી વધુ ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ગુરુ મહિમાનું ગાન કરી પૂજ્ય ગુરુ શ્રી લાલરામજી મહારાજ, ગુરુ શ્રી ઓધવરામજી મહારાજ તથા ગુરુ શ્રી વાલરામજી મહારાજને ભાવભીની વંદના અર્પણ કરી હતી. તેમના પાવન સ્મરણાર્થે બચુ ભગત દ્વારા ગવાયેલ પ્રાતઃસ્મરણ અને સંધ્યાપાઠના વિશેષ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન શ્રી સમાજ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામના ભાવ મંદિર ના દસ વર્ષ ઉપલક્ષી દશાબ્દિ મહોત્સવ નિમિત્તે આગામી સમયમાં યોજાનારા વિવિધ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપી હતી તથા સમાજના સર્વે ભાઈ-બહેનોને તેમાં ઉત્સાહપૂર્વક સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

અંતે મહાપ્રસાદનો લાભ લઈ તમામ ભક્તજનોએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર યજમાનશ્રી, સેવાભાવી કાર્યકરો, દાતાશ્રીઓ તથા ઉપસ્થિત ભાવિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, સંસ્કાર, એકતા અને ગુરુભક્તિના દિવ્ય વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મુંબઈ ઉત્સવ સમિતિ - હંસાબેન દિવાણી.**



# બાળસંસ્કાર કેન્દ્રો

# આવનારી પેઢીમાં સનાતન સંસ્કારોનું ભવ્ય સિંચન

**'આજના બાળકો – આવતીકાલનો સંસ્કારી સમાજ'**

બાળપણ એ જીવનનો એવો સુવર્ણકાળ છે, જેમાં આપવામાં આવેલા સંસ્કારો જીવનભર વ્યક્તિના વ્યક્તિત્વને ઘડે છે. આ જ શુભ ભાવના સાથે વર્ષ ૨૦૧૮માં મુંબઈ ખાતે બાળસંસ્કાર કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી હતી. કોરોના મહામારી દરમિયાન થોડા સમય માટે તમામ કેન્દ્રોની પ્રવૃત્તિઓ બંધ રહી હતી, પરંતુ વર્ષ ૨૦૨૨થી ફરી નવચેતના સાથે આ કેન્દ્રો કાર્યરત બન્યા અને આજે સતત વિકાસના પંથે આગળ વધી રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ, મહિલા સંઘ અને શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ, દેશલપરના સંયુક્ત પ્રયાસો અને સહયોગથી આજે મુંબઈમાં બાળસંસ્કાર કેન્દ્રો એક સફળ સંસ્કારયજ્ઞ બની ગયા છે.

માત્ર ૪ કેન્દ્રોથી શરૂ થયેલી આ યાત્રા આજે ૩૪ કેન્દ્રો સુધી પહોંચી છે. આશરે ૧૩૫ જેટલી સંચાલિકા બહેનો નિ:સ્વાર્થ ભાવથી સેવા આપી રહી છે અને ૭૫૦ થી વધુ બાળકો નિયમિત રીતે સનાતન સંસ્કારોનું અમૂલ્ય શિક્ષણ મેળવી રહ્યા છે.

દર અઠવાડિયે યોજાતા બાળસંસ્કાર કેન્દ્રોમાં બાળકોને સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિ, શ્લોક, પ્રાર્થના, ભજન, મહાપુરુષોના જીવનપ્રસંગો તથા પુરાણોની પ્રેરણાદાયી વાર્તાઓ દ્વારા ઉત્તમ સંસ્કારો આપવામાં આવે છે. સાથે સાથે વિવિધ રમતો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને મનોરંજક કાર્યક્રમો દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન ઉજવાતા ભારતીય તહેવારોનું ધાર્મિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક મહત્વ પણ બાળકોને સરળ ભાષામાં સમજાવવામાં આવે છે, જેથી તેઓ આપણા તહેવારો પાછળ રહેલા સાચા ઉદ્દેશ્યને સમજી શકે અને ગૌરવપૂર્વક પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે.

બાળકોમાં જોવા મળતો ઉત્સાહ અને સંચાલિકા બહેનોનો નિ:સ્વાર્થ સેવાભાવ આ સમગ્ર કાર્યને વધુ પ્રેરણાદાયી બનાવે છે. આ બાળસંસ્કાર કેન્દ્રો ધાર્મિક શિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ, ઉત્તમ સંસ્કારો, સેવાભાવ અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનનું જીવંત કેન્દ્ર બની સમાજની ભાવિ પેઢીના ઘડતરનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છે.

આજે આ કેન્દ્રોમાંથી સંસ્કારનું બીજ પ્રાપ્ત કરનાર બાળકો આવનારા સમયમાં સમાજ અને રાષ્ટ્રના જવાબદાર, સંસ્કારી અને મૂલ્યનિષ્ઠ નાગરિક તરીકે વિકસે તે જ આ સમગ્ર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**સંકલન : પ્રીતિ જયેશ ભગત – કન્વીનર, સામાજિક અને આધ્યાત્મિક સમિતિ, મુંબઈ**







# પૂજ્ય સંત શ્રી વાલરામજી મહારાજની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ સંધ્યાપાઠ

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ઉત્સવ સમિતિ દ્વારા પૂજ્ય સંત શ્રી વાલરામજી મહારાજની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે સંધ્યાપાઠનું ભવ્ય આયોજન.

તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ઉત્સવ સમિતિ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ, થાણે ખાતે પરમ પૂજ્ય, પ્રાત:સ્મરણીય સંત ગુરુ શ્રી વાલરામજી મહારાજની પવિત્ર ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે વિશેષ સંધ્યાપાઠ કાર્યક્રમનું ભાવભર્યું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સાંજે ૫:૦૦ વાગ્યે ભજન મંડળની બહેનોના મધુર અને ભક્તિરસથી છલકાતા ભજનોથી થયો હતો. ત્યારબાદ સૌ ભાવિકોએ એકસાથે સંધ્યાપાઠમાં જોડાઈને ગુરુચરણોમાં પોતાની ભાવાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગની વિશેષતા એ રહી કે શ્રી વાલરામજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે પ્રથમ વખત શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ ખાતે સામૂહિક સંધ્યાપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને સમાજમાંથી તેમજ અન્ય જ્ઞાતિના ભાવિકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

દેશલપર નિવાસી તથા પૂજ્ય શ્રી વાલરામજી મહારાજનો પાવન સાનિધ્ય પ્રાપ્ત કરનાર વરિષ્ઠ ભજનીક શ્રી બચુભાઈ ભગતના ભાવસભર સ્વરમાં સંધ્યાપાઠનું ગાન કરવામાં આવ્યું હતું. તેમના મધુર સ્વર સાથે સમગ્ર સભાએ એકસ્વરે સંધ્યાપાઠ ગાતા સમગ્ર મંદિર પરિસર ભક્તિ અને ગુરુસ્મરણના દિવ્ય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

સાંજે ૭:૦૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા મા ઉમિયાની મહા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સર્વે ભાવિકોએ સેવ-બુંદીના પ્રસાદનો લાભ લીધો હતો.

આ પવિત્ર કાર્યક્રમમાં સમાજના ભાઈ-બહેનો ઉપરાંત ભાનુશાળી, લોહાણા તથા ઉત્તર ગુજરાતની વિવિધ જ્ઞાતિના ગુરુભાઈઓ અને ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આજુબાજુના વિસ્તારમાં રહેતા અનેક ગુજરાતી પરિવારો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમ દ્વારા વિવિધ સમાજો વચ્ચે પરસ્પર પરિચય, સ્નેહ અને ધાર્મિક એકતાનો સુંદર સેતુ રચાયો હતો.

ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે આવા ગુરુસ્મરણ અને સંધ્યાપાઠના કાર્યક્રમો સમાજને આધ્યાત્મિતક રીતે એકત્રિત કરે છે. તેમણે ભવિષ્યમાં પણ ગુરુશ્રીઓના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં હાજરી આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ''અમારાથી શક્ય તેટલો નાનો કે મોટો સહયોગ-ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે-આવા પવિત્ર કાર્યક્રમોમાં અચૂક આપીશું.''

કાર્યક્રમના અંતે સર્વે ભાવિકોએ ગુરુચરણોમાં પ્રાર્થના કરી હતી કે આવી ભક્તિમય પરંપરા સતત ચાલુ રહે અને સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ, એકતા તથા ગુરુભક્તિનો પ્રકાશ સતત પ્રસરતો રહે.

**-શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ - ઉત્સવ સમિતિ, હંસાબેન દિવાણી**






# વિરપસલી ઢોલ

જય લક્ષ્મીનારાયણ

સહર્ષ જણાવવાનું કે આપણા ગ્રામ્ય પરંપરાગત સંસ્કૃતિ મુજબ ઢોલના તાલે અને શરણાઈના સુરે વિરપસલી ઢોલનું આયોજન જય લક્ષ્મીનારાયણ ઉમા ધામ થાણા ખાતે રાખવામાં આવેલ છે જેની રૂપરેખા નીચે મુજબ છે.

**તા. ૧૫.૦૮.૨૦૨૬ શનિવાર**

સ્થળ જય લક્ષ્મીનારાયણ ઉમા ધામ થાણા

**સમય :** ૩.૩૦ થી સાંજે ૭.૦૦ કલાક સુધી

વીરપસલી ઢોલ

**સાંજે ૭.૦૦** કલાકે - મંદિર સંધ્યા આરતી

**સાંજે ૭.૩૦** કલાકે આગામી જન્માષ્ટમી પર્વની વિવિધ ઉછામણીઓ

**રાત્રે ૮.૦૦** કલાકે રાત્રિ ભોજન

વીરપસલી ઢોલમાં અને જન્માષ્ટમીની ઉછામણીઓમાં ભાગ લેવા સર્વે ભાવિક ભક્તજનો ને હાર્દિક આમંત્રણ છે.

-શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ઉત્સવ સમિતિ

**સુચના**

રાત્રિ ભોજનની સુચારુ વ્યવસ્થા માટે અગાઉથી ભોજન પાસ ની નોંધણી તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રાત્રે ૯.૦૦ કલાક સુધી ફરજિયાત કરવાની રહેશે.

ભોજન પાસ શુલ્ક રૂા. ૧૫૦/- છે.

નીચેના કોઈ એક વ્યક્તિ પાસે નોંધણી કરાવવી જરૂરી છે.


તુલસીભાઈ જબુઆણી - ૯૮૬૭૪ ૬૭૯૫૯
બીનાબેન ચૌધરી - ૮૮૫૦૦ ૫૨૮૬૫
નીરુબેન ચૌધરી - ૯૮૧૯૨ ૧૩૬૮૦
જાન્વીબેન સેંઘાણી - ૮૮૨૮૨ ૧૦૭૭૪

ધન્યવાદ















Priti Rangani

Artist | Art Teacher | Freelance Artist

Bring your creativity to life with professional art guidance!

**Services Offered:**

- Online & Offline Art Classes (For All Age Groups)
- Custom Portrait Commissions
- Commission-Based Artwork (Personal & Commercial)
- Calligraphy
- All Types of Paintings
- Rangoli & Creative Art Workshops Personalized Art Projects & More
- Whether you're a beginner, hobbyist, or aspiring artist, learn from an experienced professional or get unique, handcrafted artwork created just for you.

Contact : 9324249018

**: Address :**
602, Castor,Kabra Galaxy-2,Brahmand
Hiranandani Link Road,G.B. Road,
Thane (West) – 400607


# દશાબ્દિવર્ષની ઉજવણી નિમિત્તે આરોગ્ય શિબિરનું આયોજન

શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ ભાવમંદિર (થાણે) દશાબ્દિવર્ષની ઉજવણી નિમિત્તે.

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ (મુંબઈ) દ્વારા આયોજિત આરોગ્ય શિબિર

### આરોગ્ય એજ સાચી સંપત્તિ

શારીરીક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને તણામુક્ત જીવનશૈલી અપનાવવી અનિવાર્ય છે. નાની નાની ટેવોમાં બદલાવ આપણને ગંભીર બીમારીઓથી બચાવીને લાંબુ અને ખુશહાલ જીવન પ્રદાન કરે છે. પરંતુ આજની ભાગદોડ ભરી વ્યસ્ત જીવનશૈલીમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની આપણે જાણતા અજાણતા ઉપેક્ષા કરીએ છીએ. પરિણામે દવાઓનો સહારો લેવો પડે છે. માટે જ સમાજના દરેક વ્યક્તિને દવા મુક્ત અને રોગમુક્ત બનાવવાના આશયથી શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ (મુંબઈ) સનાતની મહિલાઓ માટે બે દિવસી ની આરોગ્ય શિબિર નું આયોજન કરવા જઈ રહ્યું છે.

દાણા થેરેપી, વોટર રિચાર્જ થેરેપી, સાઉન્ડ થેરેપી થકી રોગની સારાવર કરી જીવનને સ્વસ્થ, મસ્ત અને તંદુરસ્ત બનાવીએ.

તારીખ: ૦૫/૧૦/૨૦૨૬, સોમવાર અને ૦૬/૧૦/૨૦૨૬ મંગળવાર

સ્થળ: શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ કાસર વડાવલી, થાણે

સમય: સવારે ૧૦.૦૦ થી ૫.૦૦

રજીસ્ટ્રેશન માટે સંપર્ક સુત્રો

**ઘાટકોપર :** જ્યોતિબેન પારસીયા - ૯૯૬૭૪ ૬૮૧૧૪

**થાણે :** જાનવીબેન સેંઘાણી - ૮૮૨૮૨ ૧૦૭૭૪

**મુલુંડ :** રીટાબેન રૂડાણી - ૮૭૭૯૪ ૧૭૧૯૯

**ડોમ્બીવલી :** નેહાબેન લીંબાણી - ૯૫૯૪૨ ૫૬૮૪૪

**કલ્યાણ/શહાડ/ઉલ્હાસનગર/ભીવંડી :**
જયશ્રીબેન છાભૈયા - ૯૮૬૭૩ ૮૪૪૪૫

**બદલાપુર :** લીલાબેન નાકરાણી - ૯૩૨૧૦ ૮૬૯૫૧

**પનવેલ :** ભારતીબેન વાલાણી - ૯૮૧૯૧ ૧૦૬૮૯

**કામોઠે :** અનિલાબેન સેંઘાણી - ૯૯૨૦૭ ૦૬૦૨૨

**ખારઘર :** ગીતાબેન પોકાર - ૯૮૨૧૬ ૭૦૯૪૯

**વેસ્ટર્ન લાઈન :** ધ્યાની ચોપડા - ૯૮૨૧૬ ૦૧૩૩૫

**રજીસ્ટ્રેશન ફી ૫૦/- રૂપિયા** રહેશે.

**રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ ૦૧/૧૦/૨૦૨૬ રહેશે.**

બપોરનું જમવાનું જાતે લાવવાનું રહેશે.

**લી. પ્રમુખ: ઉષાબેન વિનોદ ગોરાણી,**
**મહામંત્રી: હેતલબેન અશોક લીંબાણી**

શ્રી કકપા લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ (મુંબઈ)

# સિડકો ભવન ખાતે યોજાયો ગુરુપૂર્ણિમા મહોત્સવ




હરિ ઓમ । જય શ્રી લક્ષ્મીનારાયણ ।

શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ ખાતે પગલા પ્રસંગ દરમિયાન પૂજ્ય હરિદાસજી મહારાજશ્રીએ શ્રી કીર્તિભાઈ, પરેશભાઈ માવાણી તથા બીપીનભાઈ લીંબાણીને સ્નેહભર્યું આમંત્રણ આપ્યું હતું કે વાશી સ્થિત સિડકો ભવન ખાતે યોજાનારા ગુરુપૂર્ણિમા મહોત્સવમાં અવશ્ય પધારી પોતાની ઉપસ્થિતિ નોંધાવશો. આપ સૌ માટે વિશેષ બેઠક વ્યવસ્થા રાખવામાં આવશે.

મહારાજશ્રીના આદેશને શિરોમણે સ્વીકારી, ઘાટકોપરથી શ્રી જેન્તીભાઈ રામજીયાણી, પનવેલથી હીરાલાલભાઈ અમૃતિયા, થાણા થી પરેશભાઈ માવાણી, કીર્તિભાઈ દિવાણી તેમજ શ્રી બીપીનભાઈ, શ્રીમતી ચેતનાબેન અને શ્રીમતી શાંતાબેન સમયસર કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહ્યા.

પૂજ્ય હરિદાસજી મહારાજશ્રીના પ્રેરણાદાયી પ્રવચન બાદ તેમણે પોતાના ભાવિ પ્રકલ્પોની વિસ્તૃત માહિતી આપી. તેમાં યોગ કેન્દ્રો, નેચરોપેથી થેરાપી સેન્ટરો, ઓધવરામ યુનિવર્સિટી, બાળમંદિર અને શૈક્ષણિક સંસ્થાઓ, મંદિરો તેમજ વિવિધ મેડિકલ અને સેવાકીય પ્રવૃત્તિઓ અંગેની યોજનાઓથી સૌને માહિતગાર કર્યા.

મહારાજશ્રીએ પોતાના પ્રવચનમાં શ્રી જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ સમાજવાડી તેમજ શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ મંદિરનો વિશેષ ઉલ્લેખ કરી, તેમની સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓની પ્રશંસા સાથે સૌ સમક્ષ માહિતી આપી. આ પ્રસંગે આપણા સમાજના ભાઈઓની નોંધ પણ લેવામાં આવી, જે આપણા માટે ગૌરવની બાબત હતી.

કાર્યક્રમ દરમિયાન શ્રી તુલસીભાઈ, શ્રી વલ્લભભાઈ તથા શ્રી પઠઈભાઈ સાથે સ્નેહમિલન કરવાનો પણ અવસર પ્રાપ્ત થયો. ત્યારબાદ સૌએ ભક્તિભાવપૂર્વક મહાપ્રસાદનો લાભ લીધો. આપણા સમાજ તરફથી યથાશક્તિ યોગદાન પણ અર્પણ કરવામાં આવ્યું, અને મહારાજશ્રીના આશીર્વાદરૂપે પ્રસાદ પ્રાપ્ત કરવાનો પાવન લાભ મળ્યો.

આવો પવિત્ર અને પ્રેરણાદાયી સત્સંગ સમાજમાં એકતા, સેવા, સંસ્કાર અને સનાતન ધર્મ પ્રત્યેની નિષ્ઠાને વધુ મજબૂત બનાવે તેવી પ્રાર્થના.


## પ્રોફેશનલ મેકઅપ આર્ટિસ્ટ એન્ડ એજ્યુકેટર

## અંજના આનંદ છાભૈયા

**Professional Makeup Artist & Educator**

Founder ▶ Shree Anjan Skin & Hair Care Products

- બ્રાઈડલ મેકઅપ
- પાર્ટી મેકઅપ
- એન્ગેજમેન્ટ મેકઅપ
- ફેશન અને ફોટોશૂટ મેકઅપ
- પ્રોફેશનલ મેકઅપ ટ્રેનિંગ

બી - ૧ /૧૨૦૪, માનસ આનંદ સોસાયટી,
ઘોડબંદર રોડ, વાઘબીલ નાકા,
ઠાણે (વેસ્ટ) - ૪૦૦૬૧૫

મોબાઈલ : ૯૩૨૩૪ ០૬૩૩૪

## ઈશા ક્રિએશન્સ

### તમારી સુંદરતાને આપો રાજસી ઓળખ !

લગ્ન, સગાઈ, ગરબા, તહેવારો
અને દરેક ખાસ પ્રસંગ માટે

પ્રિમિયમ કુન્દન । પોલ્કી । એડી
મોઈસેનાઈટ । રાજવાડી જ્વેલરીનું
વિશાલ કલેક્શન

ટ્રેન્ડિંગ ડિઝાઈન, પ્રીમિયમ ક્વૉલીટી
આકર્ષક ભાવ
ગિફ્ટીંગ માટે પણ શ્રેષ્ઠ પસંદગી

### દરેક સ્ત્રીની સુંદરતાને ઉમેરે શાહી આભા

ઓનલાઈન ઑર્ડર ઉપલબ્ધ
વધુ માહિતી અને ઓર્ડર માટે આજે જ
સંપર્ક કરો : ૭૪૦૦૪૫૯૦૯૮



# શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત એક દિવસીય પર્યટન

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર (થાણે) ભાવ પ્રતિષ્ઠા દશાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા તારીખ ૫ /૮ /૨૦૨૬ બુધવારના દિવસે સનાતનની મહિલાઓ માટે એકદિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુંબઈના વિવિધ પરામાંથી ૧૪૬ જેટલી બહેનોએ ભાગ લીધેલ. જેમાં લગભગ ૩૦ થી ૭૫ વર્ષ સુધીની બહેનો અને માતાઓએ લાભ લીધેલ. મહિલા મંડળ દ્વારા વિવિધ પરામાંથી બસની સગવડ કરવામાં આવેલ. સવારે ૮:૦૦ કલાકે સૌ પર્યટકો પનવેલ હાઈવે ભેગા થયેલ. ત્યાં સૌએ ચા નાસ્તો કરેલ. ત્યારબાદ ૧૦:૦૦ કલાકે સૌ નારાયણી ધામ લોનાવાલા પહોંચેલ. ત્યાં દર્શન કર્યા પછી સૌ બહેનોએ સાથે મળીને ભજન કીર્તન કરેલ. ત્યાર પછી મંદિર ખાતે આવેલ ગૌશાળા ની મુલાકાત લીધેલ.

ત્યાર પછી સૌએ મંદિરના પ્રાંગણમાં રાસ ગરબાની મજા માણેલ. નારાયણી ધામ ખાતે બપોરના સાત્વિક ભોજનનો લાભ લઈ નજીક આવેલા મેપ્રો ગાર્ડનની મુલાકાત લીધેલ. સૌએ ત્યાં ગાર્ડનની મુલાકાત સાથે ખરીદીની મજા પણ કરી. ત્યાર પછી ખોપોલી પહોંચી ચા નાસ્તો કરેલ. ખપોલી સમાજ થી શ્રી કિશોરભાઈ ધનાણી અને સાથી ભાઈઓ તેમજ ખોપોલી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રમીલાબેન નાકરાણી સાથે મહિલા મંડળની બહેનો દ્વારા ચા નાસ્તાનું સુંદર આયોજન કરેલ. સૌએ ચા નાસ્તો કરી ગગનગીરી આશ્રમની મુલાકાત લીધેલ. ખોપોલીની બહેનો સાથે નૈસર્ગિક સૌંદર્ય ભરપૂર એવા ગગનગીરી આશ્રમમાં દર્શન કર્યા બાદ સૌ પંચ મંદિર પનવેલ (નઢાલ) પહોંચેલ. ત્યાં દર્શન કરી સહુએ રાત્રિ ભોજનનો આનંદ માણેલ. પર્યટકો દ્વારા ફરી આવા સુંદર આયોજન કરતા રહો મળતા રહીએના સૂચનો સાથે ફરી જલ્દી મળીએ એવી ભાવના સાથે સૌ પાછા ફરેલ. યાત્રાની પૂર્ણાહુતિ સુખરૂપ થયેલ. સંપૂર્ણ પ્રવાસ દરમ્યાન યુવક મંડળ વતી પ્રત્યક્ષ રીતે હાજર રહી થાણેના ભાઈઓ વિજયભાઈ છાભૈયા, રસિકભાઈ માવાણી, તેમજ વસઈના યુવકો કરણ પારસિયા, કેવલ ભગતે ખૂબ સહકાર કરેલ. યુવક મંડળ પ્રમુખ જયેશભાઈ ભગત તેમજ મનસુખ ભાઈ પોકારે પર્યટનના આયોજન દરમ્યાન પરોક્ષ રીતે સહયોગ આપેલ. પનવેલ થી હિંમતભાઈ વાલાણી તેમજ મહેન્દ્રભાઈ અમૃતિયાએ સવાર ના ચા- નાસ્તા તેમજ રાત્રિના ભોજનની સુંદર વ્યવસ્થા કરેલ. સૌના સાથ, પર્યટકોના સહકાર તેમજ ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણની કૃપા થી આ યાત્રા પ્રવાસ નિર્વિઘ્ને પાર પડેલ.

લી. **મહામંત્રી : હેતલબેન લીંબાણી.**

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ (મુંબઈ)








# હેલ્ધી એન્ડ ટેસ્ટી શુગર ફ્રી સ્વીટ

લાલ ખજુર પાક (૫૦૦ ગ્રામ) ૪૨૫/-
બ્લેક ખજુર પાક (૫૦૦ ગ્રામ) ૪૭૫/-
અંજીર બાઈટ (૫૦૦ ગ્રામ) ૫૨૫/-
ન્યુટ્રીશન પંચ (૫૦૦ ગ્રામ) ૫૫૦/-

**ઑર્ડર માટે કોન્ટેક્ટ કરો**
**જીજ્ઞા દિલીપ લીંબાણી**
**મો: ૯૮૧૯૪ ૯૫૬૦૫**

૧૦૧, ડિગિંગ ફેસ ટુ,
ભક્તિ પાર્ક, આનંદ નગર,
ઘોડબંદર રોડ, થાણા (વેસ્ટ) - ૪૦૦૬૧૫



# સંત શ્રી હરિદાસ મહારાજના પાવન પગલા શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ માં....





શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મુંબઈના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરીને સંત શ્રી હરિદાસજી મહારાજના પાવન પગલા આપણા સમાજના પ્લોટ ઉપર થયા.

શનિવાર તારીખ : ૧/૮/૨૦૨૬ ના સવારના ૧૦:૩૦ વાગ્યે સંત શ્રી તેમજ તેમની સાથે એમના શિષ્યગણ તેમજ અન્ય ગુરુ ભાઈઓ પધાર્યા હતા. અને જ્યારે આ ઘડી સમય આવ્યો ત્યારે કહેવાનું મન થાય છે,

**'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય ,**
**બલિહારી ગુરુદેવ આપકી ગોવિંદ દિયો બતાય.'**

આ શબ્દો ખરેખર સાચા અર્થમાં સાર્થક થતા હતા કારણ કે એક આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ અને બીજા આપણા સંતશ્રી બંનેના એકસાથે દર્શનનો લાભ સૌ ભક્તોએ મેળવ્યો હતો. સંત શ્રી હરિદાસજી મહારાજે લક્ષ્મીનારાયણ ઉમા ધામ ખાતે આવીને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના દર્શન કરી અને પછી પ્લોટ ઉપર પગલા કર્યા હતા. તેમની સાથે શ્રી લક્ષ્મીનારાયણ સમાજના પ્રમુખશ્રી અરૂણભાઇ નાકરાણી, મહામંત્રી પરેશભાઈ માવાણી, ખજાનચી કિર્તીભાઈ દિવાણી, ઉપપ્રમુખ ચંદુભાઈ ધોળું, સહમંત્રી પ્રકાશભાઈ માવાણી, જીતેન્દ્રભાઈ રામાણી, તેમજ ઉમેશભાઈ નાથાણી, વલ્લભભાઈ ધોળુ,અશોકભાઈ પારસીયા સાથે ભાનુશાલી સમાજના તુલસીભાઈ દામા, પઠાઇભાઇ અને સમાજના ધર્મ પ્રેમી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ શ્રી કિર્તીભાઈ દિવાણી એ સંત શ્રી ને શબ્દો રૂપી પુષ્પથી આવકારી અને સમાજના કાર્યોની માહિતી આપેલ. ત્યારબાદ સંત શ્રી એ પોતાની હળવી શૈલી માં સમાજને સંબોધ્યા હતા. સમાજ ઉતરોતર પ્રગતિ કરતો રહે એવા આશીર્વાદ હંમેશા આ સમાજ ઉપર રહેશે એવા આશિર્વચન આપેલ. સંત શ્રી એ સૌ ભક્તોને પોતાની અમૃત વાણી થકી શુભાશિષ આપેલ. અને ત્યારબાદ શ્રી લક્ષ્મીનારાયણના જયઘોષ સાથે સૌ એ સંતશ્રીને વિદાય આપેલ.

લી. સહમંત્રી, **શ્રી જીતેન્દ્રભાઈ રામાણી.**
શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (મુંબઈ)





# શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ ભાવમંદિર દશાબ્દી વર્ષની ઉજવણી

૧૦

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (મુંબઈ)

શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ ભાવમંદિરને દશ વર્ષ પૂર્ણ થતાં આ વર્ષે વિવિધ કાર્યક્રમોનું આયોજન આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને કુળદેવી ઉમિયા માતાજીના ભાવમંદીરની સ્થાપના ૨૦૧૭માં થઈ તેને જોતજોતામાં ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યાં તે નિમિત્તે ભાવમંદિરના દશાબ્દી વર્ષની ઉજવણી આપણે સૌ મનાવી રહ્યા છીએ. આ માટે ભાવમંદિર દશાબ્દી મહોત્સવ આયોજન સમિતિની રચના પણ કરવામાં આવેલ છે, જેના નેજા હેઠળ વિવિધ કાર્યક્રમોના આયોજન ગોઠવવામાં આવેલ છે.

ભાવમંદીરની દશાબ્દી નિમિતે મંદીરના દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાઈ રહ્યા છે તેની માહીતી વિવિધ સમિતિઓના અહેવાલો દ્વારા આપ સૌ સુધી પહોંચતી હશે. તે ઉપરાંત આ વર્ષે 'સંસ્કાર ધામ-દેશલપર (વાંઢાય)' ઉપરાંત કચ્છનાં મહત્વનાં સ્થળોએ આપણી સમાજના સભ્યો દ્વારા પર્યટનનું આયોજન કરવામાં આવ્યું છે તેની માહીતી આપ સુધી પરીપત્ર દ્વારા પહોંચી હશે. તે ઉપરાંત સમાજ દ્વારા 'ભાગવત સપ્તાહ' નું આયોજન ડીસેમ્બર ૨૦૨૬ના અંત અને જાન્યુઆરી ૨૦૨૭ની શરૂઆતમાં થનાર છે તેની જાણકારી પરીપત્ર દ્વારા આપ સુધી પહોંચશે. આપણા ભાવ મંદીરના દશમા પાટોત્સવ નિમિતે **ફેબ્રુઆરી ૨૦૨૭**ના અંતમાં આયોજન કરવામાં આવશે તે નિમિતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ, કચ્છ) દ્વારા આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ દેવના રથનું મુંબઈ ખાતે આગમન થશે જેને ભાવપૂર્વક વધાવવાનું આપણી સમાજે નક્કી કર્યું છે. તે ઉપરાંત જે સમાજો આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ દેવના રથના સ્વાગત નિમિતે કાર્યક્રમ કરવા ઈચ્છતા હોય તેમને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ) અને આ સમાજને પત્ર દ્વારા જાણ કરવા વિનંતી જેથી રથયાત્રાનું આયોજન કેટલા દિવસનું કરવું તે બાબત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ, દેશલપર -કચ્છ) યોગ્ય નિર્ણય લઈ શકે.

આપણા ભાવમંદીરની દશાબ્દી નિમિતે થનાર ઉજવણી દરમ્યાન પ્રસંગોના આયોજનમાં આર્થિક યોગદાનની જરુર પડશે તે આપ સૌ જાણો છો. આપણી વિવિધ સમિતિઓ દ્વારા ઉત્સવો અને પ્રવૃતિઓના આયોજન માટે કોઈ ચડાવા લેવામાં આવે કે દાન લેવામાં આવે ત્યારે આપ સૌ દાતાઓને તેમાં ભાવપૂર્વક ભાગ લેવા વિનંતી કરીયે છીએ. આશા છે દશાબ્દીના આયોજન આપ સૌ શક્તિ પ્રમાણે યોગદાન નોંધાવશો.

આપણી નિર્માણ સમિતિ ઘોડબંદર થાણે ખાતે આપણી જમીનને રેસિડેન્ટ ઝોનમાં ફેરવવા પ્રયત્નશીલ છે તેમને જલ્દી સફળતા મળે તેવી ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયાને હાર્દીક પ્રાર્થના.

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (મુંબઈ) વતી,

પ્રમુખશ્રી - અરુણ હંસરાજ

મહામંત્રીશ્રી - પરેશ સોમજી માવાણી

તથા સમાજની કારોબારી અને વિવિધ સમિતિઓ